# હાશ... કોરોના કેસ છેલ્લા ૩ દિવસથી સ્થિર

## ગુજરાતમાં ૧૪૩૪૦ નવા કેસ, ૧૫૮ના મોત : છેલ્લા ત્રણ દિવસથી ૧૦૦થી ૨૦૦નો વધારો થઇ રહ્યો છે, જે હાલનાં દિવસોમાં જોવા મળેલા ઉછાળા કરતા ઓછો

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતમાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. જો કે બીજી તરફ કોરોના હવે ધીરે ધીરે કાબુમાં આવી રહ્યો હોય તેવું પણ લાગી રહ્યું છે. ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી આંકડા ૧૪ હજારની આસપાસ આવી રહ્યા છે. તેમાં ૧૦૦થી ૨૦૦નો જ વધારો થઈ રહ્યો છે. જે હાલનાં દિવસોમાં જોવા મળેલા ઉછાળા કરતા પ્રમાણમાં ઓછો છે.

ગુજરાતમાં આજે કુલ કોરોનાનાં ૧૪,૩૪૦ કેસ નોંધાયા હતા. જ્યારે ૭૭૨૭ દર્દીઓ રિકવર થયા હતા. અત્યાર સુધીમાં કેલ ૩,૮૨,૪૨૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી હતી. રાજ્યમાં દર્દીઓનો સાજા થવાનો દર ૭૫.૯૩ ટકાએ પહોંચ્યો હતો. અત્યાર સુધીમાં કુલ ૯૪,૩૫,૪૨૪ લોકોનું પ્રથમ ડોઝનું અને ૨૦,૧૯,૨૦૫ લોકોનું બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. આ પ્રકારે કુલ ૧,૧૪,૫૪,૬૨૯ લોકોનું રસીકરણ થઈ ચુક્યું છે. આજે ૬૦ વર્ષથી વધારે વયના અને ૪૫થી ૬૦ વર્ષના કુલ ૬૪,૫૭૧ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૮૩,૧૩૫ લોકોનાં બીજા ડોઝનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં કોઈ પણ વ્યક્તિને રસીની ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં કોવિડ ૧૯નાં ૧૪,૩૪૦ દર્દીઓ નોંધાયા છે. સમગ્ર રાજ્યમાંથી ૭૭૨૭ દર્દી સાજા થયા છે. આ સાથે રાજ્યનો રિકવરી રેટ પણ ૭૪.૯૩ ટકાએ પહોંચ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૩,૮૨,૪૨૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨૧૪૬૧ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૪૧૨ લોકો છે. ૧૨૧૦૪૯ લોકો સ્ટેબલ છે. ૩,૮૨,૪૨૬ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૬૪૮૬ લોકોનાં મોત નિપજ્યાં છે.

## કોરોના કોર્નર

- દેશમાં કોરોનાની બીજ લ્હેર દિવસને દિવસે ખતરનાક બની રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩ લાખ ૫૪ હજાર ૫૩૩ નવા કેસ નોંધાયા છે.
- તામિલનાડુ, બંગાળ, રાજસ્થાન એવા રાજ્યો છે જ્યાં ૧૫ હજારથી વધુ દર્દી નોંધાયા છે.
- હિમાચલપ્રદેશની સરકારે ૪ જિલ્લાઓમાં નાઈટ કરફ્યુ લાદવાનો નિર્ણય લીધો છે.
- દુનિયામાં છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા કોરોના કેસો નોંધાયા જે પૈકીના ૪૮ ટકા કેસ માત્ર ભારતમાં જ નોંધાયા.
- ઓસ્ટ્રેલિયાના આરોગ્ય પ્રધાન ગ્રેગ હોન્ટે કહ્યુ છે કે ભારતને માનવતાવાદી સમર્થન આપવા માટે મંગળવારે નેશનલ સિક્યોરિટીની બેઠક મળશે.
- અમેરિકા દ્વારા કેટલાક નિષ્ણાતોની ટીમ ભારત મોકલવામાં આવશે.
- સ્વીડનની ક્લાઈમેટ એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગે ભાતમાં ઓક્સિજનના અભાવને કાળજુ કંપાવનારી ઘટના ગણાવી છે.
- અમેરિકા બાદ અમેરિકી કંપની ગૂગલ, માઈટ્રોસોફ્ટ અને માઈક્રોસિસ્ટમે કોરોના સામેની જંગમાં ભારતને મદદ કરવાની તૈયારી દાખવી છે.
- બ્રિટનના વડાપ્રધાન બોરીસ જ્હોન્સને પણ એક નિવેદનમાં કહ્યુ છે કે અમે આ મુશ્કેલ સમયમાં અમે ભારત સાથે ઉભા છીએ.
- બ્રિટન સરકારના વિદેશ મંત્રાલયે પણ ભારતને તાત્કાલિક ૬૦૦ મેડીકલ સાધનો મોકલવામાં આવી રહ્યા છે. જેમાં ઓક્સિજન કન્સન્ટ્રેટર્સ અને વેન્ટીલેટર સામેલ છે.

## ગુજરાતમાં વાયરસના ૧૬ જુદા જુદા પ્રકાર જોવા મળ્યા

તાજેતરમાં દેશ અને ગુજરાતમાં કોરોનાનો આતંક મચાવવા માટે જવાબદાર કોરોનાનો ડબલ મ્યુટન્ટ વાયરસ જીછઈજી-ઝ્ફ-૨ મ.૧.૬૧૭ના પણ ૧૬ જુદા જુદા વેરિયન્ટ્સ ગુજરાતમાં છે. આ જાણકારી દુનિયામાં કોરોના અંગે સચોટ અને ત્વરિતપણે માહિતી આદાનપ્રદાન કરવા માટે બનાવવામાં આવેલા માહિતી કોલોબ્રેશન પ્લેટફોર્મ જીઆઈએસએઆઈડીની વેબસાઈટ પર જોવા મળે છે. ભારતના જુદા જુદા ૧૧ રાજ્યોમાં મળી આવેલા કોરોનાના વેરિયન્ટ અંગેની આ માહિતી જીઆઈએસએઆઈડી પર ઈન્ડિયન SARS-CoV-2 કન્સોર્ટિયમ ઓન જીયોનોમિક્સ ટીમના વૈજ્ઞાનિકોએ આપી છે. આ કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય દ્વારા સ્થાપિત ૧૦ નેશનલ લેબોરેટરીના વૈજ્ઞાનિકોનું ગ્રુપ છે.

## જન્મદિને વધામણી



નીલ મહેશકુમાર પરમાર વણદોલ તા.વિજયનગર



ધીમહી રીતેશકુમાર પટેલ રમોસ, તા.બાયડ




તિર્થ નટવરભાઈ બામણીયા આકરૂન્દ, તા.ધનસુરા



હાર્દિક એચ. સોની આકરૂન્દ, તા.ધનસુરા



એડવોકેટ કનુભાઈ પટેલ મેઘરજ



અંકિત જે. ચૌધરી બાયડગામ



અરવિંદભાઈ સી. રાવલ હિંમતનગર









**કોરોના સામે જંગ : બાયડના તમામ વેપાર-ધંધા સતત છઠ્ઠા દિવસે સજ્જડ બંધ**

બાયડમાં કોરોના સંક્રમણ વધતાં વેપારીઓ દ્વારા સ્વૈચ્છીક સજ્જડ બંધ સતત છઠ્ઠા દિવસે પણ જોવા મળ્યો. સ્થાનિક તંત્રને વેપારીઓનો અભૂતપૂર્વ સહકાર મળી રહ્યો છે જેના કારણે બાયડ સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આવનારા દિવસોમાં કોરોના ઉપર અંકુશ મેળવી શકાશે. બાયડ વેપારી મથક હોવાથી દરરોજ બાયડ ઉપરાંત કપડવંજ, દહેગામ, માલપુર, મેઘરજ, ધનસુરા તાલુકાના લોકો ખરીદી માટે તેમજ દવાખાનાઓમાં સારવાર માટે આવતા હોય છે. જેના કારણે કોરોનાનું સંક્રમણ બેકાબુ બનવાનો ભય હતો. બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ચીફ ઓફીસર સાવિબેન સોની અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કોરોનાના વધતા સંક્રમણને લીધે બજારો તા.૩૦ એપ્રિલ સુધી બંધ રાખવા માટે વેપારીઓને અનુરોધ કર્યો હતો. તમામ વેપારી સંગઠનોએ કોરોના મહામારી સામે અમે તંત્રની સાથે છીએ તેવો પોઝિટિવ મેસેજ આપી તા.૨૨ થી બાયડના તમામ વેપારીઓએ સંપૂર્ણ ધંધા-રોજગાર બંધ રાખી કોરોના સામેની લડતમાં સહયોગ આપી રહ્યા છે. વેપાર-ધંધા બંધ હોવાના કારણે વેપારીઓને મોટો આર્થિક ફટકો પડ્યો છે પરંતુ તેઓએ કોરોનાના કારણે કોઈનો જીવનદિપ ન બુઝાઈ જાય તે જોવું પણ અમારા માટે પ્રાથમિક્તા છે. કોરોના સામેની લડાઈમાં અંત સુધી તંત્રને સહયોગ આપવાની વેપારી સંગઠનોએ ખાત્રી આપી છે.

## સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોનાના કારણે ૪૦૦૦ લોકો નજર કેદમાં

### ૭૦ થી વધુ માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર, જો કે નિયમોનું થઈ રહેલું ઉલ્લંઘન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોનાની સ્થિતિ સ્ફોટક છે, પાછલા ૨૪ કલાક દરમ્યાન ૨૨૦ થી વધુ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. ૭૦ થી વધુ માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર થતાં એક રીતે ૪૦૦૦થી વધુ લોકો તંત્રની નજરકેદમાં હોવાનું અનુમાન છે. સાબરકાંઠા આરોગ્ય વિભાગ નિયમિતપણે આંકડા જાહેર કરે છે પરંતુ અરવલ્લી આરોગ્ય વિભાગમાં હજુ પણ ખાટલે ખોડ હોય તેવી સ્થિતિ છે અને મીડીયાને કોઈપણ પ્રકારની માહિતી આપવામાં આવતી નથી.

કોરોનાના બેકાબુ બનેલા સંક્રમણ ત્યારબાદ એન્ટીજન ટેસ્ટમાં કોરોના લક્ષણ ધરાવતા દર્દીઓને બહુ ગંભીર ન હોય તો હોમ ક્વોરન્ટાઈન થવાની સમજ આપવામાં આવે છે. છેલ્લા એક સપ્તાહથી એન્ટીજન કિટનો દુકાળ સામે આવ્યો છે. લોકો લાઈનમાં ઉભા રહ્યા તો પણ વેઈટીંગમાં બીજા દિવસ સુધી રાહ જોવી પડે છે. એન્ટીજન ટેસ્ટમાં ૬૦ થી ૭૦ ટકા લોકો કોરોના પોઝિટિવ આવી રહ્યા છે અને દરરોજ નવા નવા માઈક્રો કન્ટેન્ટમેન્ટ એરીયા તંત્ર દ્વારા જાહેર કરવામાં આવી રહ્યા છે. જે તે બ્લોક હેલ્થ વિભાગમાંથી આવતા કોરોનાના કેસના આધારે જિલ્લા સમાહર્તા દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોન અને માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર થઈ રહ્યા છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન અરવલ્લીના રીંટોડા, ભિલોડા, હરદાસપુર, બુધરાસણ, ભટેરા, જેતપુર, સાતરડા, મોડાસા, કુંડોલ, આકરૂન્દ, બીલવણીયાકંપા, શીકા, બાયડ સહિતના વિસ્તારોને માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં મૂકવામાં આવ્યા છે. આવી જ સ્થિતિ હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર, ખેડબ્રહ્મા, વિજયનગર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ પ્રવર્તિ રહી છે. માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં મૂકાયેલા વિસ્તારના લોકોને બહાર નિકળવા ઉપર પ્રતિબંધ હોય છે છતાં માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનનો યોગ્ય અમલ થતો ન હોવાથી સંક્રમિત લોકો વધુ લોકોને ચેપગ્રસ્ત કરી શકે છે તેવી આશંકા પણ સેવાય છે. દરરોજ કોરોના વિસ્ફોટના કારણે તંત્ર પણ હવે કામગીરીથી માનસિક રીતે થાકી ગયું હોય તેવું દેખાય છે. હાલની સ્થિતિએ કોરોનાના કારણે બંન્ને જિલ્લાના ૧૪ તાલુકાના ૪૦૦૦ લોકો તંત્રની નજરકેદમાં હોવાનું જાણવા મળ્યું છે.

### કન્ટેન્ટમેન્ટ ઝોનમાં મૂક્યા તો પછી દર્દીને રેમડેસિવિર ઈન્જેક્શન આપો..

બાયડ : જિલ્લામાં સરકારી કોવિડ અને ડેજીગ્નેટેડ ખાનગી કોવિડ હોસ્પિટલમાં ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનની અછતના કારણે અનેક દર્દીઓ દમ તોડી રહ્યા છે. અગાઉ કન્ટેન્ટમેન્ટ ઝોનમાં જે મકાન આવતું હોય ત્યાં સ્ટીકર લગાવવામાં આવતા હતા પરંતુ કોર્ટના આદેશ પછી સ્ટીકર લગાવવાનું બંધ થયું અને હવે કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરી તે વિસ્તારના લોકોને બહાર જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે પરંતુ આ વિસ્તારમાં જે લોકો કોરોનાથી સંક્રમિત છે તેમને રેમડેસિવિર ઈન્જેક્શન લેવું હોય તો હોમ આઈસોલેશન હોવા છતાં હોસ્પિટલમાં ફરજીયાત જવું પડતું હોય છે. કન્ટેન્ટમેન્ટ ઝોનનો અમલ જ કરવો હોય તો પછી હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીને તેના ઘર સુધી રેમડેસિવિર ઈન્જેક્શન પહોંચે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. અહીંયાં ઈન્જેક્શન મળતાં નથી. ક્યાંક કાળા બજાર થાય છે તો પછી ઘેર બેઠાં ઈન્જેક્શન પહોંચવા બાબતે વિચારવું પણ નિર્થક છે.

## ૪ લાખથી વધુ કેસના મૃત્યુ આંકમાં ગુજરાત ત્રીજા નંબરે

કોરોના વાયરસની બીમારી હંફાવી રહી છે ત્યારે ગુજરાતમાં પરિસ્થિતિ વધારે કપરી બની રહી છે. ૪ લાખથી વધુ કોરોનાના કેસ નોંધાવનારા રાજ્યોમાં કોરોનાના લીધે થયેલા મૃત્યુમાં ગુજરાત મૃત્યુઆંકમાં ત્રીજા નંબર પર છે. આ સાથે રોજના ૧૪-૧૫ હજાર કેસ નોંધાઈ રહ્યા છે. ભારતના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં મૃત્યુઆંક ઊંચો છે. ૨૫ એપ્રિલ સુધીના આંકડા પ્રમાણે કેરળ જેવા રાજ્યમાં ૧૩,૭૭,૧૮૬ કેસ સામે મૃત્યુઆંક ૫૦૮૦ છે. જ્યારે ગુજરાતમાં ૪.૮૧ લાખ કેસ સામે ૬૧૭૧ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. ૪ લાખથી વધુ કેસ નોંધાવનારા રાજ્યોમાં રાજસ્થાન (કેસ ૪,૯૮,૬૨૮, મૃત્યુ ૩૫૨૭), મધ્યપ્રદેશ (કેસ ૪,૮૫,૭૦૩, મૃત્યુ ૫૦૪૧), ગુજરાત (કેસ ૪,૮૧,૭૩૭, મૃત્યુ ૬૧૭૧), હરિયાણા (કેસ ૪,૧૩,૩૩૪, મૃત્યુ ૩૭૦૩), ઓરિસ્સા (કેસ ૪,૦૧,૩૪૧, મૃત્યુ ૧૯૮૧)નો સમાવેશ થાય છે, જેમાં સૌથી વધુ મૃત્યુ ગુજરાતમાં નોંધાયા છે. આવી સ્થિતિમાં સબ સલામતના સરકારના ગાણા સામે સવાલો ઉઠી રહ્યા છે. દેશના બાકી રાજ્યોની સરખામણીમાં સમૃદ્ધ ગણાતા ગુજરાતમાં કોરોના જે રીતે વકરી રહ્યો છે તેણે લોકોને વિચારતા કરી મૂક્યા છે. ગુજરાતના પાડોશી રાજ્યો રાજસ્થાન અને મધ્યપ્રદેશ દ્વારા જે રીતે કોરોના પર કાબૂ રાખવામાં આવ્યો છે તેના બદલે ગુજરાતમાં સ્થિતિ એકદમ અલગ છે. અહીં કેસની સંખ્યાની સરખામણીમાં મૃત્યુદર ઘણોં જ ઊંચો છે. રાજસ્થાનમાં ગુજરાતની સરખામણીમાં ૧૮,૦૦૦ કેસ વધુ છે પરંતુ અહીં મૃત્યુઆંક લગભગ અડધા જેટલો છે. રાજ્યમાં જે રીતે કોરોનાના કારણે મૃત્યુઆંક વધી રહ્યા છે આવામાં રાજ્યમાં આરોગ્ય સંસ્થાઓના અભાવની સાથે લોકોની સ્વાસ્થ્ય પ્રત્યેની કાળજી સામે પણ સવાલ ઉઠી રહ્યા છે. દેશમાં કોરોનાના કારણે સૌથી વધુ પ્રભાવિત રાજ્યોમાં મહારાષ્ટ્ર ટોપ પર છે, જ્યાં ૪૨ લાખથી વધુ કેસ નોંધાયા છે અને ૬૪ લાખ જેટલા દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. આ પછી અનુક્રમે કેરળ, કર્ણાટકા, તામિલનાડુ, ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, દિલ્હી, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, રાજસ્થાન અને ૧૧મા નંબરે ગુજરાતનું સ્થાન છે. રવિવારે ૨૪ કલાકમાં ગુજરાતમાં કોરોના વાયરસના નવા ૧૪,૨૯૬ કેસો નોંધાયા છે અને ૧૫૭ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે.

## સાબરકાંઠા, અરવલ્લીમાં કમોસમી વરસાદની સંભાવના વચ્ચે તાપમાનનો પારો ૪૨ ડિગ્રી

### સ્વૈચ્છીક લોકડાઉન અને તાપમાનનો પારો ઉંચકાયા પછી બજારો સૂમસામ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬



લાગે છે કુદરત કાળા માથાના માનવીની છેલ્લી હદની અગ્નિ પરીક્ષા કરી રહી છે. સ્મશાનોમાં લાશના ઢગલા ખડકાઈ રહ્યા છે. ત્યારે ફરી એકવાર સાબરકાંઠા, અરવલ્લીમાં કમોસમી વરસાદની સંભાવના વચ્ચે સોમવારે તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને આંબી જતાં ઘરમાં રહેલા વેપારી અને પ્રજા ત્રાસદાયક ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. સ્વૈચ્છીક લૉકડાઉન અને તાપમાનનો પારો ઉંચકાયા પછી બજારો સૂમસામ ભાસતા હતા. જાણે કે કુદરતના કાળા કહેર સામે પ્રકૃતિએ પણ જાણે નારાજગી વ્યક્ત કરી હોય..!!

એપ્રિલના અંતમાં જિલ્લાના અનેક વિસ્તારોમાં કમોસમી માવઠાં વરસ્યા પછી મિશ્ર ઋતુનો માહોલ ઉભો થયો છે. કોરોના સામે જીવ સટોસટનો જંગ લડતી પ્રજા માટે મિશ્ર ઋતુઓ મુશ્કેલીમાં વધારો કર્યો છે. પાછલા ૪ દિવસમાં જ જિલ્લામાં કોરોના બિનસત્તાવાર રીતે ૧૦૦ થી વધુ લોકોને ભરખી ગયો છે. સ્મશાનોમાં લાકડાં ખૂટી પડે તેવી સ્ફોટક સ્થિતિ છે. ત્યારે ફરી એકવાર કુદરતે હવામાનમાં પલ્ટાવ લાવી ખાસ કરીને ખેડૂતોની અગ્નિ પરીક્ષાનો દોર શરૂ કર્યો છે. છેલ્લા ૨ દિવસથી ભીષણ ગરમી પછી ઉત્તર ગુજરાત સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં પવન સાથે કમોસમી વરસાદની આગાહી થઈ છે. જિલ્લામાં હવામાન વિભાગની આગાહી મુજબ તા.૩૦ એપ્રિલ સુધી તાપમાનનો પારો સરેરાશ ૪૨ ડિગ્રી સુધી રહી શકે છે અને ત્યારબાદ ૩ થી ૪ ડિગ્રી તાપમાનનો પારો ગગડવાની સંભાવના છે.

## અરવલ્લી જિલ્લાના ૬ તાલુકામાં ૨૩૦૦ લગ્ન યોજાશે, તંત્રની બાજ નજર

### ભિલોડામાં સૌથી વધુ ૬૮૧ લગ્નોનું આયોજન, કોરોના ગાઈડલાઈનનું ઉલ્લંઘન કર્યું તો આવી બન્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

અરવલ્લી જિલ્લામાં કોરોના બેલગામ બન્યો છે પરંતુ લગ્નસરાનો અવસર પૂરબહાર ખીલતાં પ્રજા લાપરવાહ બનતાં કોરોનાનું સંક્રમણ વધવાની દહેશત છે. અરવલ્લી જિલ્લાના ૬ તાલુકામાં તા.૧૫ મે. સુધીમાં ૨૨૮૯ લગ્નો યોજાવવાના છે. જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા દ્વારા સરકારની સૂચના અનુસાર કોવિડ-૧૯ ના સંક્રમણ નિયંત્રણ માટે પ્રયાસો શરૂ કર્યા છે. દરેક લગ્નો ઉપર તંત્રની નજર રહેશે અને ૫૦ થી વધુ સંખ્યા જણાશે તો તાત્કાલિક પોલીસ ફરિયાદ કરવામાં આવશે. અત્યાર સુધીમાં કોરોના ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરનારા લગ્નના આયોજકો, મંડપ, કેટરર્સ અને સાઉન્ડવાળા સામે ફરિયાદો નોંધાઈ છે. કોરોના સંક્રમણ બેકાબુ બન્યું છે છતાં લોકો ગંભીર નથી. લાગે છે કે અધધ લગ્નો કોરોનાને નિમંત્રણ આપી શકે છે.

અરવલ્લી જિલ્લાના મોટાભાગના વેપારીઓએ ધંધા-રોજગારમાં બેહાલી હોવા છતાં પ્રજાને કોરોનાના સંક્રમણથી બચાવવા છેલ્લા એક સપ્તાહથી ધંધા-રોજગારમાં સંપૂર્ણ અને આંશિક લૉકડાઉનનો અમલ શરૂ કર્યો છે. આ બધું જિલ્લાની પ્રજાને બચાવવા માટેનું વેપારીઓનું બલિદાન છે પરંતુ કોરોના સંક્રમણને પ્રજા સામે ચાલીને નિમંત્રણ આપતી હોય તેમ એક પછી એક લગ્ન સમારંભમાં ગાઈડલાઈન પ્રમાણે ૫૦ થી વધુ વ્યક્તિઓની ઉપસ્થિતિ જોવા મળી. કેટલાક વિસ્તારોમાં તંત્ર અને પોલીસ ત્રાટકી કાર્યવાહી કરી છે. ક્યાંક બે આંખોની શરમ પણ ભરાઈ હશે ત્યારે હવે તંત્રએ વધુ કડકાઈથી કોરોનાના સંક્રમણને રોકવા માટે એક્શન પ્લાન બનાવ્યો છે. જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયાની સૂચના અનુસાર મોડાસા, ભિલોડા, માલપુર, મેઘરજ, બાયડ અને ધનસુરાના તાલુકા વિકાસ અધિકારી દ્વારા યોજાનારા લગ્નોની વિગતો એકત્ર કરવામાં આવી છે. આમ તો તા.૨૩ એપ્રિલથી લગ્નસરાની સીઝન શરૂ થઈ અને એ સાથે જ તાલુકા વિકાસ અધિકારીઓએ આદેશોનું સખ્ત પાલન કર્યું છે. ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરનારા યજમાન, વરરાજા, ડી.જે.સાઉન્ડ, ઘોડા માલિક સામે ફરિયાદો નોંધાઈ છે. પરંતુ હવે અધધ લગ્નો યોજાવવાના છે ત્યારે પોલીસ અને તંત્ર ઉપર લગ્નમાં ભીડ કાબુમાં લેવાનો આકરો પડકાર ઉભો થયા છે. જિલ્લામાં ભિલોડા તાલુકામાં સૌથી વધુ ૬૮૧ ત્યારબાદ મોડાસામાં ૩૬૪ અને બાયડમાં ૩૫૯ લગ્નો યોજાવવાના છે.

## દુઃખદ અવસાન



બાયડ : બાયડ તાલુકાના સાઠંબા ગામના જગદીશભાઈ પ્રજાપતિ (પત્રકાર), ભરતભાઈ પ્રજાપતિનાં માતા ડાહીબેન પુનમભાઈ પ્રજાપતિનું અવસાન થયેલ છે. સદ્‌ગતનું ટેલિફોનિક બેસણું તા.૨૮ એપ્રિલ, બુધવારે સવારે ૮-૦૦ થી ૧-૦૦ રાખેલ છે.

• • •

બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના જીતેન્દ્રભાઈ શાહુ (ઉભરાણ હાઈસ્કુલ), સંજયભાઈ શાહુ (આણંદ) અને પંકજભાઈ શાહુ (કપડવંજ)ના કાકા અને પ્રશાંત જયસ્વાલ, અલ્પેશ જયસ્વાલના પિતા અશોકકુમાર બુદ્ધિલાલ જયસ્વાલનું અવસાન થયેલ છે. સદ્‌ગતનું ટેલિફોનિક બેસણું તા.૨ મે., રવિવારના રોજ તેમના નિવાસસ્થાન બી-૪૩, સન રેસીડેન્સી, આજોડ, તા.જિ.વડોદરા ખાતે રાખેલ છે.

• • •



બાયડ : ધનસુરાના સુરેશભાઈ પટેલ (મુખી) અને મુકેશભાઈ પટેલનાં માતા મંગુબેન બેચરભાઈ રેવાભાઈ પટેલનું નિધન થયેલ છે.